RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 181 * Date: 21.04.2025,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# વડાપ્રધાન મોદી ૨૨ એપ્રિલે જશે સાઉદી અરેબિયા



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સાઉદી અરેબિયાના બે દિવસના પ્રવાસ પર જશે. ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનના આમંત્રણ પર આગામી ૨૨-૨૩ એપ્રિલ રોજ વડાપ્રધાન મોદીની ખાડી દેશની ત્રીજી મુલાકાત છે. સાઉદી અરેબિયાની પ્રવાસ દરમિયાન વડાપ્રધાન ત્યાંના નેતૃત્વ કરનારને મળશે અને દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. જેમાં ઊર્જા અને સંરક્ષણ, ઈઝરાયલ-પેલેસ્ટાઈન સહિત મહત્ત્વના મુદ્દાઓ પર વાતચીત કરશે.

વડાપ્રધાન મોદી આ પહેલા વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૯માં એમ બે વખત સાઉદી અરેબિયાનો પ્રવાસ કરી ચૂક્યા છે. વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ કહ્યું હતું કે, 'વડાપ્રધાનના આ પ્રવાસને લઈને બંને દેશો વચ્ચે રાજકીય સંબંધો પર કાઉન્સિલના બીજા સંમેલનમાં ઘણી અગત્યાની ચર્ચા થશે. બંને દેશો આ કાઉન્સિલ હેઠળની બે સમિતિઓ દ્વારા સતત વાતચીત અને સહયોગ કરી રહ્યા છે અને તે રાજકીય, સામાજિક, તકનીકી અને આર્થિક સ્તરે સહયોગ માટે એક મહત્ત્વપૂર્ણ દ્વિપક્ષીય પ્લેટફોર્મ છે.'

આ અંગે માહિતી આપતા વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ શનિવારે જણાવ્યું હતું કે, 'આ મુલાકાત ભારત અને સાઉદી અરેબિયાના સંબંધો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. સાઉદી અરેબિયા ઈસ્લામિક વિશ્વમાં એક મુખ્ય અવાજ છે અને હવે તે ક્ષેત્રીય બાબતોમાં પણ મોટી ભૂમિકા ભજવી રહ્યું છે. વડાપ્રધાન મોદી અને ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન વચ્ચે સારા અને ઉષ્માભર્યા સંબંધો છે. તેમની પરસ્પર સમજણ અને ઉચ્ચ સ્તરીય વ્યૂહાત્મક વિચારસરણીએ બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવ્યા છે.

## આસામમાંથી રૂ. ૭૧ કરોડની યાબા ટેબલેટ અને હેરોઈન જપ્ત

ગુવાહાટી : આસામના કામરૂપ જિલ્લામાં એક સર્ચ ઓપરેશન દરમિયાન ૭૧ કરોડ રૂપિયાનું હેરોઈન અને પ્રતિબંધિત યાબા ટેબલેટ જપ્ત કરવામાં આવી છે અને આ સંબધમાં બે લોકોની ધરપકડ કરવામાં આવી છે તેમ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ચોક્કસ બાતમીને આધારે આસામ પોલીસના સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ)એ અમિનગાવ વિસ્તારમાં એક ઓપરેશન શરૂ



કર્યુ હતું. આ ઓપરેશનમાં બાજુના રાજ્યમાંથી આવેલા બે વાહનોને રોકવામાં આવ્યા હતાં. તપાસ દરમિયાન પોલીસને આ બંને વાહનોમાંથી ૨,૭૦,૦૦૦ યાબા ટેબલેટ અને સાબુના ૪૦ બોક્સમાં છુપાવેલુ ૫૨૦ ગ્રામ હેરોઈન મળી આવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર પકડવામાં આવેલા બે લોકો બાજુના રાજ્યમાંથીઆ ડ્રગ્સનો જથ્થો લાવ્યા હતાં. અધિકારીઓના જણાવ્યા અનુસાર જપ્ત કરવામાં આવેલા યાબા ટેબલેટનું બજાર મૂલ્ય ૬૭ કરોડ રૂપિયા અને હેરોઈનનું મૂલ્ય ચાર કરોડ રૂપિયા આંકવામાં આવ્યું છે. આ સર્ચ ઓપરેશનનું નેતૃત્વ એસટીએફના વડા પાર્થસારથી મહાંતાએ કર્યુ હતું. તેમને આ ઓપરેશનમાં એડિશનલ એસપી કલ્યાણ પાઠકે પણ મદદ કરી હતી.

## ટ્રમ્પની હિટલર સાથે તુલના, લોકોએ કહ્યું - અમે ઘણું બધું ગુમાવ્યું, ચૂંટણી સુધી રાહ ન જોઈ શકીએ

ન્યૂયોર્ક, વોશિંગ્ટન અને અમેરિકાના સેકડોં શહેરમાં હજારો દેખાવકારોએ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમની આકરી નીતિઓ વિરૂદ્ધ શનિવારે દેખાવો કર્યા હતા. ન્યૂયોર્કમાં વિરોધીઓએ શહેરની મુખ્ય લાઈબ્રેરીની બહાર એકત્રિત થઈ (અમેરિકામાં કોઈ રાજા નહીં) અને '' (તાનાશાહીનો વિરોધ) જેવા સુત્રોચ્ચાર કરતાં પોસ્ટર અને બેનર લગાવી દેખાવો કર્યા હતાં.ટ્રમ્પની અમેરિકા ફર્સ્ટ




નીતિઓનો અમેરિકન્સ દ્વારા જ વિરોધ થઈ રહ્યો છે. તેની ઈમિગ્રેશન નીતિઓ વિરૂદ્ધ લોકોમાં રોષ જોવા મળ્યો હતો. લોકોએ જોર-જોરથી સુત્રોચ્ચાર કર્યા હતા કે, 'કોઈ ભય નથછી, અમે ઈમિગ્રન્ટ્સનું અહીં સ્વાગત કરીએ છીએ.' આ સુત્રોચ્ચાર અમેરિકાની ઈમિગ્રેશન એજન્સી "ઝઈ (ઈમિગ્રન્ટ્સ એન્ડ કસ્ટમ એન્ફોર્સમેન્ટ)ના વિરોધમાં હતાં. જે ગેરકાયદે રહેતાં ઈમિગ્રન્ટ્સ પર કાર્યવાહી કરી અટકાયત કરી રહી છે.વોશિંગ્ટન ડી.સી.માં દેખાવકારોએ ટ્રમ્પ સરકાર પર બંધારણીય સિદ્ધાંતો, ખાસ કરીને ન્યાયની પ્રક્રિયાના અધિકારને નબળો પાડવાનો આરોપ મૂક્યો હતો. રિપોર્ટ અનુસાર, વ્હાઈટ હાઉસની બહાર દેખાવો કરી રહેલાં ૪૧ વર્ષીય બેન્જામિન ડગલસે જણાવ્યું હતું કે, આ કાયદો શાસન અને નાગરિકો પર અત્યાચાર ન કરવાના મૂળ સિદ્ધાંતો પર સીધો પ્રહાર કરે છે. અમુક લોકોને જાણી જોઈને ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે. જેથી વિદેશી પ્રત્યે વિરોધ ભડકાવી શકાય અને લાંબા સમયથી ચાલી રહેલા સુરક્ષાના કાયદાને નબળો પાડી શકાય.ન્યૂયોર્કના અન્ય એક દેખાવકાર કેથી વેલી (ઉ.વ. ૭૩ વર્ષ)એ જણાવ્યું કે, અમારી પર મોટું સકંટ છે. મારા માતા-પિતાએ હિટલરના ઉદયની જે વાર્તાઓ સંભળાવી હતી, આજે ટ્રમ્પના દોરમાં એ જ દ્રશ્યો જોવા મળી રહ્યા છે. તેમાં તફાવત માત્ર આટલો છે કે, ટ્રમ્પ હિટલર અને અન્ય નાઝી નેતાઓની તુલનાએ વધુ મુર્ખ છે. તેમનો માત્ર ઉપયોગ થઈ રહ્યો છે, તેમની પોતાની ટીમમાં ફાટ પડેલી છે.

## જમ્મુ-કાશ્મીરમાં આભ ફાટતાં અનેક મકાન ધરાશાયી, ૮ના મોત, હજુ વાવાઝોડાની આગાહી

જમ્મુ-કાશ્મીરના રામબન જિલ્લો કુદરતના કહેરનો સામનો કરી રહ્યું છે. સતત મૂશળધાર વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયુ છે. જિલ્લાના અનેક હિસ્સામાં પુરની સ્થિતિ સર્જાઈ છે. આભ ફાટતાં અનેક ઘર ધરાશાયી થયા છે. અત્યારસુધીમાં આઠના મોત નીપજ્યા છે. જ્યારે ૧૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ધર્મકુંડ ગામમાં ૪૦-૫૦ ઘરો ધરાશાયી થયા છે. જમ્મુ-શ્રીનગરની જીવન રેખા ગણાતા નેશનલ હાઈવે ૪૪ પર ઠેર ઠેર કાદવ-કીચડ અને પથ્થરોનો ખડકલો ઉભો થયો છે. જેના કારણે હાઈવે લગભગ બંધ થયો છે. પરિવહન સેવાઓ ખોરવાઈ છે. સેકડોં વાહનો ફસાયા છે. જરૂરી વસ્તુઓનો પુરવઠો પણ મળી રહ્યો નથી. અનેક ઘરોમાં પાણી ફરી વળ્યા છે. બાળકો, વરિષ્ઠો અને બીમાર લોકોની સ્થિતિ વધુ દયનીય બની છે.કાશ્મીરમાં બપોરે બરફના કરાં પડવાની અને વાવાઝોડું ફૂંકાવાની આગાહી હવામાન વિભાગે કરી છે. વર્તમાન સિસ્ટમ પર નજર રાખતાં હવામાન વિભાગે આજના દિવસે રેડ એલર્ટ જારી કર્યુ છે. આવતીકાલથી હવામાનમાં સુધારો થવાની શક્યતા દર્શાવી છે. અરનાસ વિસ્તારના લમસોરા નંબર બેના એક ખાનાબદોષ પરિવાર પર વીજળી પડી છે. જેમાં વધુ બે લોકોના મોત નીપજ્યા છે. એક મહિલા ઘાયલ થઈ છે. વીજ પડવાથી ૪૦-૫૦ ઘેટાં-બકરાંઓના પણ મોત થયા છે. બાગનામાં પણ ઘર પાણીમાં વહી જતાં ત્રણ લોકોના મોત નીપજ્યા છે.

## એકલા રહેતા લોકો કરતા કપલમાં ભૂલી જવાની બીમારી વધુ, રિપોર્ટમાં ચોંકાવનારો દાવો

જ્યારે બે લોકો લગ્નના બંધનમાં બંધાય છે ત્યારે એકબીજાને સુખ દુઃખમાં સાથ આપવાના વચનો આપતા હોય છે. અત્યાર સુધી પરણિત લોકોને સિંગલ લોકો કરતા વધુ સ્વસ્થ માનવામાં આવતા હતા. જોકે હવે એક અભ્યાસમાં દાવો કરાયો છે કે, પરણિત કપલમાં સિંગલ લોકોની સરખામણીએ ડિમેંશિયાની બીમારીની જાણકારી વહેલા મળી જાય છે. અલ્ઝાઈમર અસોસિએશનના અલ્ઝાઈમર એન્ડ ડિમેંશિયા જર્નલમાં પ્રકાશિત અભ્યાસમાં આ દાવો કરવામાં આવ્યો છે. જેમાં વધુમાં જણાવાયું છે કે, જે લોકો સિંગલ, છૂટાછેડા લીધેલા કે પછી વિધવા અથવા વિધુર જીવન જીવતા હોય છે તેમનામાં ડિમેંશિયાનું જોખમ ૫૦ ટકા ઓછુ નોંધાય છે. જ્યારે તેની




સરખામણીએ પરણિત લોકોમાં આ બીમારીનું જોખમ વધુ નોંધાય છે. આ અભ્યાસ આશરે ૨૫ હજાર લોકો પર હાથ ધરવામાં આવ્યો હતો.

ડિમેંશિયા મગજ સાથે જોડાયેલી બીમારી છે, જેમાં યાદશક્તી ઘટી જાય છે. કેટલાંક કેસોમાં ઘરનો રસ્તો પણ યાદ નથી રહેતો. ભ્રમ પેદા થવાનું પ્રમાણ વધી જાય છે. નિર્ણય લેવાની ક્ષમતા પણ ઘટી જાય છે. ભારતમાં ૪૦ લાખથી વધુ લોકો આ બીમારીથી પીડિત છે. ફ્લોરિડા સ્ટેટ યુનિવર્સિટી કોલેજ ઑફ મેડિસિનના સંશોધનકર્તાઓના દાવા મુજબ પરણિત કપલ્સમાં ડિમેંશિયાની બીમારી વધુ એટલા માટે પણ જોવા મળે છે કેમ કે પરણિત લોકોમાં પાર્ટનર એકબીજાને લઈને સતર્ક રહેતા હોય છે સાથે જ નિયમિત સ્વાસ્થ્યની ચકાસણી કરતા હોય છે. જ્યારે સિંગલ લોકો સ્વાસ્થ્યની નિયમિત ચકાસણી કરવામાં મોડુ કરી નાખતા હોય છે. સામાન્ય રીતે ભૂલવાની બીમારી, કન્ફ્યૂઝન, મૂડ સ્વિંગ્સ વગેરેથી જે લોકો પીડિત છે તેમને ખુદ તેનો ખ્યાલ નથી આવતો, આ પ્રકારની બીમારીના લક્ષણો અન્ય કોઈ બીજી વ્યક્તિ જ ધ્યાન પર લેતી હોય છે.

## જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ફ્લાઈટ ડાયવર્ઝન પર ભડક્યા

અબ્દુલ્લા ઈન્ડિગો ફ્લાઈટમાં શ્રીનગરથી દિલ્હી આવી રહ્યા હતા. ફ્લાઈટને ૩ કલાક સુધી લેન્ડ કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી અને ત્યારબાદ તેને જયપુર તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી.શનિવારે રાત્રે દિલ્હી એરપોર્ટ પર ફ્લાઈટ ડાયવર્ઝન પર જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા રોષે ભરાયા હતા. તેમણે કહ્યું- દિલ્હી એરપોર્ટ સંપૂર્ણપણે પડી ભાંગ્યુ છે.



ખરેખર, અબ્દુલ્લા ઈન્ડિગો ફ્લાઈટ દ્વારા શ્રીનગરથી દિલ્હી આવી રહ્યા હતા. દિલ્હી એરપોર્ટ પર ભીડને કારણે, ફ્લાઈટને ૩ કલાક સુધી ઉતરવાની મંજૂરી આપવામાં આવી ન હતી અને પછી તેને જયપુર તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી.ત્યાં, તેમને અને અન્ય મુસાફરોને ઘણી વાર સુધી વિમાનમાં બેસાડવામાં આવ્યા. ઉમરે રાત્રે ૧ વાગ્યે જયપુર એરપોર્ટ પર પ્લેનની સીડી પર લીધેલી સેલ્ફી ઠ પર પોસ્ટ કરી. જ્યારે, લગભગ ત્રણ કલાક પછી તેમણે કહ્યું કે તેઓ સવારે ૩ વાગ્યા પછી દિલ્હી પહોંચ્યા. પોસ્ટમાં, ઓમર અબ્દુલ્લાએ લખ્યું - દિલ્હી એરપોર્ટ સંપૂર્ણ બરબાદીનું દ્રશ્ય છે (માફ કરશો, હું આજે નમ્રતાથી વાત કરીશ નહીં). ત્રણ કલાક હવામાં રહ્યા પછી, અમારી ફ્લાઈટ જયપુર મોકલવામાં આવી, હવે હું રાત્રે ૧ વાગ્યે પ્લેનની સીડી પર ઉભો છું. મને ખબર નથી કે તે હવે ક્યારે નીકળીશ.આ ઘટના પછી, દિલ્હી એરપોર્ટ મેનેજમેન્ટે સ્પષ્ટતા કરી કે હવાઈ ટ્રાફિકમાં વિલંબનું કારણ હવામાનમાં ફેરફાર હતો.

## જમ્મુ-કાશ્મીરમાં વાદળ ફાટ્યું:પૂર અને ભૂસ્ખલનના લીધે 3 લોકોનાં મોત,૧૦૦ લોકોનું રેસ્ક્યૂ કરાયું;શ્રીનગર હાઈવે બંધ

જમ્મુ અને કાશ્મીરમાં છેલ્લા ઘણા દિવસોથી વરસાદ પડી રહ્યો છે. રવિવારે સવારે રામબન જિલ્લાના સેરી બાગના વિસ્તારમાં વરસાદ પછી વાદળ ફાટવાથી ત્રણ લોકોનાં મોત થયા હતા. પોલીસે લગભગ ૧૦૦ લોકોને બચાવ્યા.સૂત્રોએ જણાવ્યું હતું કે વાદળ ફાટવાના કારણે અચાનક પૂર આવ્યું હતું. પર્વત પરથી કાટમાળ ગામ તરફ આવ્યો, જે ઘણા ઘરમાં જતો રહ્યો છે, હાલમાં બચાવ કામગીરી ચાલુ છે.બીજી તરફ, રામબન જિલ્લાના બનિહાલ વિસ્તારમાં ઘણી જગ્યાએ ભૂસ્ખલનની ઘટનાઓ બની છે. આ કારણે જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ બંધ થઈ ગયો છે. સેંકડો વાહનો ફસાયેલા છે. કિશ્તવાર-પદ્દર રસ્તો પણ બંધ છે. અહીં વાહનોની અવરજવર બંધ કરી દેવામાં આવી છે. હવામાન સાફ થયા પછી જ અધિકારીઓએ હાઈવે પર મુસાફરી કરવાની અપીલ કરી છે.ભૂસ્ખલનના કેટલાક વીડિયો સામે આવ્યા છે, જેમાં પર્વત પરથી કાટમાળ પડતો જોઈ શકાય છે. કેટલાક વિસ્તારોમાં, પર્વતનો કાટમાળ રસ્તાઓ અને રહેણાંક વિસ્તારોમાં પહોંચી ગયો છે. એક વીડિયોમાં, ત્રણ-ચાર ટેન્કર અને કેટલાક અન્ય વાહનો કાટમાળ નીચે સંપૂર્ણપણે દટાયેલા જોવા મળે છે. આ ઉપરાંત, હોટલ અને ઘરો પણ કાટમાળથી પ્રભાવિત થયા હોય તેવું લાગે છે.

**તંત્રી લેખ......**

# નવા નિયમો અને બજારની નબળાઈને કારણે બ્રોકિંગ ઉદ્યોગને નુકસાન થશે

નવું નાણાકીય વર્ષ બ્રોકિંગ ઉદ્યોગ માટે આકર્ષક નથી. કેશ સેગમેન્ટ અને ડેરિવેટિવ્ઝ માર્કેટમાં ઊંચા સ્તરેથી ટ્રેડિંગમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. બ્રોકિંગ કંપનીઓની આવકમાં ઘટાડો થવાની શક્યતા છે અને આ મંદી ચિંતાનો વિષય છે તેમ કોટક સિક્યોરિટીઝના શ્રીપાલ શાહે જણાવ્યું હતું.કેશ સેગમેન્ટ અને ડેરિવેટિવ્ઝ માર્કેટમાં ટ્રેડિંગમાં ઘટાડો અલગ-અલગ કારણોસર છે. કેશ માર્કેટમાં મંદી મુખ્યત્વે શેરબજારમાં ઘટાડાને કારણે છે. ડેરિવેટિવ્ઝમાં ઘટાડો નીચી વોલેટિલિટી અને નવા નિયમનકારી પગલાં સાથે જોડાયેલો છે. જૂનમાં ઓપ્શન ટ્રેડિંગમાં વધારો થયો હતો.કારણ કે વોલેટિલિટી, ચૂંટણીના પરિણામો અને અન્ય પરિબળોએ ઉછાળામાં ફાળો આપ્યો હતો.નવા ડીમેટ ખાતામાં મંદી વર્તમાન બજારના સેન્ટિમેન્ટને દર્શાવે છે. જ્યારે બજારનું સેન્ટિમેન્ટ નબળું હોય છે, ત્યારે કોઈપણ એસેટ ક્લાસ માટેનો ઉત્સાહ ઓછો થઈ જાય છે.ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ અને લેબલિંગને અંકુશમાં લેવાના હેતુથી નવા નિયમોએ બ્રોકરેજની આવકને અસર કરી છે, ખાસ કરીને એવી પેઢીઓ માટે કે જેઓ ડેરિવેટિવ્ઝ પર ભારે નિર્ભર છે. મોટા બ્રોકર્સ વધુ દબાણનો સામનો કરી રહ્યા છે. એવા અહેવાલો છે કે ડિસ્કાઉન્ટ બ્રોકર્સ પણ ચાર્જ વધારી રહ્યા છે.

# ભારતમાં માલસામાનના ડમ્પિંગના સૌથી વધુ કેસો ચીન સામે હોવાનો દાવો



મુંબઈ : વાણિજય મંત્રાલયની તપાસ પાંખ ડાયરેકટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમેડિસ દ્વારા માર્ચમાં ૧૩ જેટલા એન્ટિડમ્પિંગ કેસના અંતિમ નિરીક્ષણ જારી કરાયા છે. મોટાભાગના કેસો ચીન વિરુદ્ધના હોવાનું એક વિશ્લેષકે જણાવ્યું હતું.આ ઉપરાંત ડાયરેકટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમેડિસે ગયા મહિને બીજા ૧૧ કેસોમાં તપાસ શરૂ કરી હતી. દેશમાં ખાસ કરીને ચીન ખાતેથી વિવિધ માલના થતા ડમ્પિંગને કારણે સ્થાનિક ઉદ્યોગોને માર પડી રહ્યો છે. જે કેસોમાં અંતિમ નિરીક્ષણ જારી કરાયા છે તે કેસોમાં મુખ્યત્વે એલ્યુમિનિયમ ફોઈલ, પ્લાસ્ટિક પ્રોસેસિંગ મસીન, ડેકોર પેપર, વિટામીન-એ પામીટેટનો સમાવેશ થાય છે. ૧૩માંથી ૧૨ કેસોમાં ચીન ખાતેથીવધુ ડમ્પિંગ થતું હોવાનું જોવા મળ્યું હચું.

અન્ય દેશોમાં યુરોપ, રશિયા, જાપાન, તાઈવાનનો સમાવેશ થાય છે, એમ ડાયરેકટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમેડિસના સુત્રોએ જણાવ્યું હતું. હવે જ્યારે ટેરિફ વોર શરૂ થઈ છે ત્યારે ભારતમાં ખાસ કરીને ચીન ખાતેથી માલસામાનના ડમ્પિંગમાં વધારો થવાની સરકાર તથા સ્થાનિક ઉદ્યોગોને ચિંતા સતાવી રહી છે.આ હકીકતને ધ્યાનમાં રાખી દેશમાં થતી આયાતોની ચકાસણી સખત બનાવી દેવાઈ હોવાનું સરકારી સુત્રોએ તાજેતરમાં જણાવ્યું હતું.

# ફાર્મા નિકાસનો આંક પહેલી જ વખત ૩૦ અબજ ડોલરને પાર



મુંબઈ : ટેરિફ વોરના મંડાણ વચ્ચે માર્ચમાં જંગી નિકાસને પગલે વિતેલા નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં દેશની ફાર્મા નિકાસ ૩૦.૪૬ અબજ ડોલરની વિક્રમી સપાટીએ જોવા મળી છે. નાણાં વર્ષ ૨૦૨૩-૨૪ની સરખામણીએ ૯ ટકા ઊંચી છે. નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં નિકાસ આંક ૨૭.૮૫ અબજ ડોલર રહ્યો હતો.માર્ચમાં ફાર્મા નિકાસ ૩૧.૨૧ ટકા વધી ૩૬૮.૧૫ કરોડ ડોલર રહી હતી. આ અગાઉ જાન્યુઆરીમાં નિકાસ ૨૧.૪૭ ટકા વધી ૨૫૯.૦૮ કરોડ ડોલર રહી હોવાનું વાણિજ્ય મંત્રાલયના ડેટા જણાવે છે.ફાર્મા નિકાસ પહેલી જ વખત ૩૦ અબજ ડોલરના આંકને પાર જોવા મળી છે.અમેરિકા ખાતે ફાર્માની નિકાસ મૂલ્યની દ્રષ્ટિએ ગત નાણાં વર્ષમાં ૧૪.૨૯ ટકા વધી ૮.૯૫ અબજ ડોલર રહી છે.આ ઉપરાંત દેશમાંથી ફાર્માની નિકાસ મુખ્યત્વે યુકે, બ્રાઝિલ, ફ્રાન્સ તથા દક્ષિણ આફ્રિકામાં થાય છે. એપ્રિલથી ઊંચા ટેરિફ લાગુ થઈ જશે તેવી ચિંતા વચ્ચે અમેરિકાના ખરીદદારો દ્વારા મોટા ઓર્ડરો અપાવાનું શરૂ થઈ ગયું હતું.

# અગાસીએ ઉંઘવાના અમારા અખતરા !

' ગિરધરલાલ, લો જુવો આ લવલેટર.' રાધારાણીએ છણકો કરી આમ રહ્યું. રાધારાણીએ અમારા મોં પર કાગળ છૂટો ફેંક્યો . મને થયું કે રાઘારાણીની તપેલી ગરમ છે.

' કાગળમાં શું છે ?' અમે એક નિર્દોષ છૂટાછેડા જેવો સવાલ પૂછયો .

' કેમ, તમને ડુંગળીડોળા ભગવાને આપ્યા નથી? રસુંદો થયો છે?' રાધારાણીએ અમારું મોઢું તોડી લીધું.

' રાધુ , તમે મને ડિવોર્સની નોટીસ ફટકારી છે કે શું?' અમે વાતાવરણ હળવું કરવા મજાક કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો.

' ગિધુ, તમારી સડેલી જોક લેખમાં લખવાની. તમારી જોક પસ્તી જેવી છે. તમારા મગજનો ફયુઝ ઉડી ગયો છે. કોઇ તમારો ચોંટીએ દોરો ઘાલતુ નથી!' રાધારાણી નામનો બાટલો ફાટ્યો .રાધારાણીએ નીચે ફેંકેલ કાગળ ઉઠાવ્યો?કોઇ ફિલ્મમાં બચ્ચન કહે છે કે શેઠજી મેં ગિરે હુએ પૈસે નહીં ઉઠાતા.હોય જેવા જેના સિધ્ધાંત. જો કે , અમિતાભને નીચે પડેલ કાગળ ઉઠાવવા સામે વાંધો નહીં હોય.

' આટલું બધું લાઇટ બિલ ?' મારાથી આહ નીકળી ગઇ. બે મહિનાનું ૧૧,૦૦૦ રૂપિયાનું બિલ આવે તો કોના મોઢામાંથી ઓહ કે આહ ન નીકળે!

' જીઇબી તો મારા પરમ પૂજ્ય શ્વસૂરની માલિકીની છે એમ માની રૂમે રૂમે એર કન્ડીશનર, ટીવી ચાલુ રાખો પછી વધુ બિલ ન આવે તો શું થાય? તાગડધિન્ના કરો.તમને બેતિયાની બુધ્ધિ છે નહી! તમારો કોઇ ચોટિયે દોરો ઘાલતું નથી. ગિરધરલાલ, આ તો હું છું એટલે બધુ ઓલ વેલ ચાલે છે. બાકી ઘર જાય અને ઓસરી રહે તેવો તમારો તઘલખી તાલ છે' રાધારાણી ફૂલ ફોર્મમાં હતા.

' હવે શું કરવું છે?' અમે શરણાગતિ સ્વીકારી.

' ફાનસયુગમાં પુનઃ પ્રવેશ કરવો ન પડે એટલે તાણીતુંસીને બિલ તો ભરવું જ પડશે.' રાધારાણીએ લાઇટ બિલ ભરવા માટે ઓર્ડર આપ્યો.

' રાધુ હવે, બપોરે તું એસી બંધ રાખજે.' અમે નિર્દોષભાવે ડરતાં ડરતાં સૂચન કર્યુ.

' તમને બપોરે માત્ર છ કલાક ચાલતું એસી જ દેખાય છે. તમે ટોઇલેટમાં તમને પરસેવો ન થાય એટલે કૂલર ચલાવી ત્રણ કલાક ટોઇલેટમાં છાપું અને મોબાઇલ લઇ ખલાઇ રહો છો એ યાદ આવતું નથી?' રાધારાણીએ પોઇન્ટ ઓફ ટોઇલેટ ઉઠાવ્યો!

' રાધુ એ બધુ ઠીક છે. પરંતુ, લાઇટબિલ ઘટાડવા શાસક વિપક્ષના ભેદ ભૂલી જઇને નક્કર કામ કરવું પડશે. નહીતર મારે દર મહિને લાઇટબિલ ભરવા બેંકમાંથી લોન લેવી પડશે.' મેં રચનાત્મક દરખાસ્ત રજૂ કરી.

' જુવો ગિરધરલાલ, આપણે રાત્રે ઉંઘતી વખતે બેડરૂમમાં એસી ઓન કરીએ છીએ.અઘૂરામાં પૂરું સોળ પર એસી રાખીએ છીએ. બેડરૂમને બદલે અગાસી પર ઉંઘવાનું રાખીએ તો લાઇટબિલ અડધું થઇ જશે!' રાધારાણીએ ઉનાળાની ગરમ રાત્રિમાં અગાસીમાં ઉંઘવા જવાના નામે માસ્ટર સ્ટ્રોક માર્યો!અમારે હા કે ના કરવાનો કયાં સવાલ હતો? કતલ ખતા બકરાને હલાલ કે ઝટકાનો ઓપ્શન પૂછવામાં આવતો નથી!

અગાસીનએ સૂવાનું આયોજન બહારનું આયોજન નિયત થયો. તદનુસાર જરૂરી પ્રબંધ કરવાનું અમારા માથે નાંખવામાં આવ્યું. અમે સાંજે સાત વાગ્યે અગાસી ધોઇ આવ્યા. ભોંટતળિયેથી પાટી ભરેલા ખાટલા અગાસી પર ચડાવી આવ્યા . ગાદલા,,ઓશીકા, ગાદલાની ચાદર, પેડ્યટલ ફેન,હાથપંખો,ટીપોઇ પાણી પીવા માટેનો કૂંજો મચ્છરદાની વગેરે અગાસીએ ચડાવી આવ્યા.અમે સુલતાન મોહમ્મદ બેગડાના સીધી લીટીના સાતબારના હિન્દુ વારસદાર છીએ. આમાં ચમકવા જેવું શું છે? અમે બકાસૂરના પણ વંશજ છીએ! અમારી ઊંઘ રાત્રે ઉડે ત્યારે જે પડખે હોઈએ તે પડખે ખાખરા, ચવાણુ, વેફર, બિસ્કીટ, કોલડ્રિંક્સ વગેરે ખાધ્યસામગ્રી જોઇએ જોઇએ ને જોઇએ જ! રાત્રે ભૂખ્યા પેટે ઉંઘી શકતા નથી કે જાગી શકતો નથી. અમારા માટે ખાધ્યસામગ્રી અગાસીએ ખાટલાની બંને બાજુ ટીપોઇ મુકી ખડકવામાં આવી.પંખાનો વાયર પિનમાં નાંખી પંખો ચાલું છે કે કેમ તેનું માઇક ટેસ્ટિંગની જેમ ટેસ્ટિંગ કર્યુ.

રાત્રે નવ વાગ્યે અમૃત ચોઘડિયાંમાં સીડી પર ધમધમ કરતી હાથણીની જેમ રાધારાણી અગાસીમાં આવ્યા માનો કે મા રાધારાણી અગાસીએ પ્રગટ્યા રે લોલ!

હું મારા ખાટલામાં ગોઠવાયો. રાધારાણી ખાટલામાં બેઠા કે ખાટલામાં વીજળીના કડાકા જેવો અવાજ થયો. મને થયું કે ખાટલો તૂટ્યો કે શું? જો કે, ખાટલો જેમ રૂપિયો ડોલર સામે નબળો પડે છે તેમ નબળો થયો.મંદ મંદ હવા લહેરાતી હતી. જો કે હવામાં ૨/૩ ગરમ અને ૧/૩ ઠંડી હવા હતી. આખા દિવસના થાકેલા હતા. ખાટલામાં લંબાવતા ઊંઘનું ઘારણ ફરી વળ્યું.

અડધી કલાકમાં પવન પડી ગયો. પરસેવાથી રેબઝેબ થઇ ગયા. પંખો ચાલુ કર્યો પણ ચાલુ ન થયો. આજુબાજુ ઘરની લાઇટો અને સ્ટ્રીટ લાઇટ બંધ હતી. અમે માન્યું કે ગિરધરલાલ તારી વીજળી વેરણ થઇ. રાધારાણી તો ઠંડી ગરમીથી પર થઇ મધ્ધમ મધ્ધમ તાલબદ્ધ નેવું ડેસિબલથી વધું નિનાદના નસ્કોરા બોલાવતા હતા. પગથી માથા સુધી ચાદર કફનની જેમ ઓઢીને ગાઢ નિંદ્રામાં હતા.માનો કે ઘોડાનું વેચાણ કરી લાંબી નિંદર તાણી ન હોય? જો કે, ઘોડા વેચ્યા પછી કામ પણ શું રહે?

પવન પડી જવાથી મચ્છરોએ અમારા લોહીનું કેન્ડલવિધાઉટ ડિનર લેવાનો કાર્યક્રમ જારી રાખેલો. ઉંદર ફૂંકી ફૂંકીને કરડે તેમ કહેવામાં આવે છે. મચ્છર ગુણ ગુણ કરતા કરડતા હોય છે. મચ્છર કરડે પછી શરીરમાં લાય બળતી હોય એવી બળતરા થાય. મચ્છરે જયાંથી લોહી ચૂસ્યું હોય ત્યાં ગુપ્ત રોગ અસહ્ય બળતરા ઉપડે. તે ભાગ વલૂરવા છતાં ખંજવાળ મટે નહીં. અમે એ ભાગ પર અમારું વાસી થૂંક લગાડ્યું પણ એ નાકામયાબ નીવડ્યું . અમે પાતળી ચાદર ઓઢીને ઉંઘવા મરણિયો પ્રયાસ કર્યો. ચાદરની બહાર મચ્છર અમારી ઉંઘભંગ માટે ગણગણાટ કરતા હતા.આ પ્રકારની સિચ્યુએશન હોય તો નિંદ્રાસનને વરેલા કુંભકર્ણને પણ ઉંઘ ન આવે તો અમે કંઇ વાડીના મૂળા છીએ કે અમને ઉંઘ આવે. અમને જા જા નિંદરા હું તને વારું , તું છે ધૂતારી નાર ભજન વાસ્તવિક લાગ્યું. 'ભૂખ ન જોવે ટાઢો ભાત, ઉંઘ ન જુએ સાથરો ' આવી કહેવત છે. જેને ઉંઘનો એટેક આવ્યો હોય તે વગર પથારીએ ઘાસના ઢગલામાં સૂઇ જાય એમ કહેવામાં આવે છે. પરંતુ, એનો પનારો કાળા બજારિયા જેવા આતંકવાદી મચ્છર સાથે પડ્યો નહીં હોય? નહિંતર એ પણ અમારી જેમ ચોકીદાર બની જાગતે રહોની બાંગ પોકારતો હોય તેમાં મિનમેખ નથી. 'મુનિઓ જાગે છે ત્યારે પશુઓ ઉંધે છે ' એમ ભગવદ ગીતામાં કહ્યું છે. અને પથારીમાં પડયા પડયા તરફડતા તરફડતા ભગવાનનું નામસ્મરણ શરૂ કર્યું. પરંતુ, ઉદ્વિગ્ન મને ભજન પણ ક્યાંથી થાય? બિનવારસી લાશ રઝળે તેમ અમે કરવટો બદલતા રહ્યા! કરવટે બદલતો રહે સારી રાત હમ મચ્છર કી કસમ!

વિશ્વવિજેતા સિકંદર ભારતથી પરત ફર્યો અને બીમારી, શત્રુઓ, સેનામાં બળવાને લીધે જે હાલતમાં મરણ પામ્યો . એવી જ અમારી હાલત . પરસેવે રેબઝેબ,પરાજિત યોધ્ધાની માનસિકતા. કહેવાય છે કે સ્વધર્મે નિધનમ્ શ્રેય! અગાસીના સ્વર્ગે રીબાવવું એના કરતાં એસી રૂમની પરાધીનતા સારી. દુનિયાના દુખો દૂર કરવા ગૌતમ બુધ્ધે મધ્યરાત્રીએ સંસારમાંથી મહાભિનિષ્ક્રમણ કરેલ. અમે પણ ઉંધના દુખને નેસ્તનાબૂદ કરવા માટે અગાસીમાંથી મહાભિનિષ્ક્રમણ કરી રૂમમાં મહાઆગમનીકરણ કર્યુ. એ જ સમયે શિયાળના લાળી કરતા હતા. રૂમમાં જઇ એસી ઓન કર્યું ત્યારે ટાવરમાં સવારના પાંચના ડંકા વાગ્યા.

ભરત વૈષ્ણવ

# ગુજરાત ૨૦૨૫ના ભારત ન્યાય અહેવાલમાં નીચે સરક્યું

નવીનતમ ભારત ન્યાય અહેવાલ જે કાનૂની નિષ્ણાતો દ્વારા અનેક નાગરિક સમાજ સંગઠનોના સમર્થનથી તૈયાર કરવામાં આવ્યો છે અને રાજ્યોની ન્યાય પહોંચાડવાની ક્ષમતાનું રેન્કિંગ કરવાનો હેતુ ધરાવે છે, તેમાં ૨૦૨૨માં ચોથા સ્થાનથી લપસીને ૧૧મા સ્થાને પહોંચી ગયું છે. જેના માટે ભાજપ સરકારની ન્યાય વહીવટ સુધારણા પ્રત્યેની ગંભીરતાના અભાવ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે ૧૮ મુખ્ય રાજ્યોનું મૂલ્યાંકન કરતા, જેને ×મોટા અને મધ્યમ કદના રાજ્યો× તરીકે ઓળખવામાં આવ્યા છે, આ ૨૧૨ પાનાના અહેવાલમાં ન્યાય વ્યવસ્થાના ચાર મુખ્ય આધારસ્તંભો—પોલીસ, જેલ, ન્યાયતંત્ર અને કાનૂની સહાય—ની ક્ષમતા માપવા માટે ×માનવ સંસાધન, માળખાકીય સુવિધા, બજેટ, કાર્યભાર અને વિવિધતા×ના માપદંડોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ૨૩ રાજ્ય માનવ અધિકાર આયોગોનું અલગ મૂલ્યાંકનમાં જેમાં ગુજરાત ૨૦મા સ્થાને છે. ગુજરાતનું પ્રદર્શન પોલીસ અને જેલ માટે તમામ ચાર ઈન્ડીયન જસ્ટીસ રીપોર્ટ મૂલ્યાંકનોમાં ૯મા સ્થાનની આસપાસ રહ્યું છે. જોકે, અન્ય બે આધારસ્તંભોમાં તેનું પ્રદર્શન નોંધપાત્ર રીતે ઘટ્યું છેઃ ન્યાયતંત્રમાં ગુજરાત ૨૦૧૯માં ૭મા, ૨૦૨૦માં ૮મા, ૨૦૨૨માં ૯મા સ્થાનથી ૨૦૨૫માં ૧૪મા સ્થાને ખસી ગયું; અને કાનૂની સહાયમાં ૨૦૧૯માં ૬ઠ્ઠા, ૨૦૨૦માં ૯મા, ૨૦૨૨માં ૩જા સ્થાનથી ૨૦૨૫માં ૧૩મા સ્થાને ખસી ગયું. ×શહેરી પોલીસ સ્ટેશન દ્વારા સેવા આપવામાં આવતા લોકોની સંખ્યા ખૂબ જ અલગ-અલગ છે—અરુણાચલ જેવા નાના રાજયમાં ૮,૫૦૦થી લઈને ગુજરાતમાં ૨.૮ લાખ સુધી, જે ગુજરાતના નાગરિકોની સુરક્ષા અંગે ચિંતાનો વિષય છે

ગુજરાતના નબળા ન્યાયિક રેન્કિંગને અનેક પરિબળો સાથે જોડે છેઃ ન્યાયતંત્ર પર વ્યક્તિ દીઠ ખર્ચ ઘટીને રૂ. ૧૦૧ થયો—૧૮ રાજયોમાં સૌથી ઓછો; હાઈકોર્ટના ન્યાયાધીશ દીઠ વસ્તી ૩૮,૩૬,૧૪૭ છે—ભારતમાં સૌથી વધુ; નીચલી અદાલતના ન્યાયાધીશોની ૩૧.૧% ખાલી જગ્યાઓ છે, જ્યારે હાઈકોર્ટના સ્ટાફની ખાલી જગ્યાઓ ૪૬.૬% છે—ફરીથી ભારતમાં સૌથી વધુ. કાનૂની સહાય શ્રેણીમાં ગુજરાતના નીચા રેન્કિંગનું કારણ, અહેવાલ સૂચવે છે, તેની લોક અદાલતો માત્ર ×પ્રમાણમાં ઓછા કેસ× લેવાથી જ નહીં, પરંતુ ભારતમાં સૌથી ઓછો નિકાલ દર—માત્ર ૧૧,૦૦૦ બાબતોનો નિકાલ, જે માત્ર ૨% છે. તેની સરખામણીમાં, રાજસ્થાનમાં ૩% અને મહારાષ્ટ્રમાં ૯% નિકાલ દર હતો. લોક અદાલતો ભારતના કાનૂની સહાય ઢાંચાનો નિર્ણાયક ઘટક છે, જે વિવાદોને ઔપચારિક અદાલતી વ્યવસ્થાની બહાર સૌહાર્દપૂર્ણ રીતે ઉકેલવા માટે રચાયેલ છે. ×આ મંચો કોર્ટના બેકલોગને ઘટાડવા, ઝડપી ન્યાયને પ્રોત્સાહન આપવા અને સૌહાર્દપૂર્ણ સમાધાનની સંસ્કૃતિને વેગ આપવા માટે છે. પોલીસ ભરતીમાં સામાજિક ન્યાય વિશે, રાષ્ટ્રીય સ્તરે, ×અનુસૂચિત જાતિ (જીઝ) ક્વોટા પૂરા કરવામાં અનુસૂચિત જનજાતિ (જી) અને અન્ય પછાત વર્ગ (ંઝ) ક્વોટા પૂરા કરવા કરતાં પાછળ રહે છે.

અગાઉના ત્રણ ઈન્ડિયન જસ્ટીસ રીપોર્ટમાંથી સામાજિક ન્યાયના ચાર આધારસ્તંભો—પોલીસ, જેલ, ન્યાયતંત્ર અને કાનૂની સહાય—નું વ્યાપક ચિત્ર રજૂ કરતા, અહેવાલ દર્શાવે છે કે ગુજરાતે ૨૦૨૫માં નોંધપાત્ર રીતે ૧૧મા સ્થાને ખસી ગયું. સેન્ટર ફોર સોશિયલ જસ્ટિસ, કોમન કોઝ, કોમનવેલ્થ હ્યુમન રાઇટ્સ ઈનિશિયેટિવ (ઝઉૅઈ), દક્ષ અને ઁજીજી-પ્રયાસ દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરાયેલા આ અહેવાલમાં જણાવાયું છે કે રેન્કિંગ રાજ્ય સરકારો દ્વારા ન્યાય વહીવટ સુધારવા માટે વર્ષ-દર-વર્ષના પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે. દક્ષિણ ભારતના રાજ્યો—કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા, કેરળ અને તમિલનાડુ—૧૮ મુખ્ય રાજયોમાં ચાર મુખ્ય આધારસ્તંભોમાં સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરે છે.

# વકફ સુધારા બિલ મુસ્લિમ સમુદાયના હિતમાં એક ઐતિહાસિક નિર્ણય છે - ભટ્ટ




ભાજપ જિલ્લા કાર્યાલય પરિસરમાં નવનિયુક્ત કારોબારીના મંડળ પ્રમુખોની એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપની અધ્યક્ષતા ભાજપ જિલ્લા પ્રમુખ દુષ્યંત ભટ્ટે કરી હતી. રાજ્ય કન્વીનર મિરાજ સાબરીએ સૌનું સ્વાગત કર્યું. મહાવીર દહિયાએ બધાનો આભાર માન્યો. જિલ્લા મહામંત્રી કૃષ્ણા છોકરે વર્કશોપનો એજન્ડા રજૂ કર્યો. વર્કશોપની શરૂઆત વંદે માતરમથી થઈ. કાર્યશાળાને સંબોધતા ભાજપ જિલ્લા પ્રમુખ દુષ્યંત ભટ્ટે જણાવ્યું હતું કે સંગઠનમાં ખૂબ જ શક્તિ હોય છે અને જે સંગઠન શિસ્ત સાથે કામ કરે છે તે જ સફળ થાય છે, તેથી, ભાજપના તમામ પદાધિકારીઓ અને વરિષ્ઠ કાર્યકરોએ અંત્યોદયની ભાવનામાં સંપૂર્ણ શિસ્ત અને ધીરજ સાથે સમાજના છેલ્લા હરોળમાં ઉભેલા લોકોને કલ્યાણકારી યોજનાઓનો લાભ પૂરો પાડવા જ નહીં, પરંતુ ભાજપની કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણયો અને નીતિઓનો વ્યાપકપણે પ્રચાર અને પ્રસાર પણ કરવો જોઈએ. તેમણે કહ્યું કે 'વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વકફ (સુધારા) બિલ-૨૦૨૫ વકફ મિલકતોમાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરશે અને ભ્રષ્ટાચારને અસરકારક રીતે નિયંત્રિત કરશે.' તો જ ગરીબોને તેમના હક મળશે. તેમણે કહ્યું કે ભાજપ ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય, સ્વાતંત્ર્ય સેનાની વીર સાવરકર, ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયી અને કુશા ભાઉ ઠાકરે દ્વારા બતાવેલા અંત્યોદયના માર્ગ પર ચાલીને ૨૦૪૭ પહેલા ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માંગે છે. ભાજપ સરકારે છેલ્લા ૧૧ વર્ષ દરમિયાન સુશાસન, કાર્યક્ષમ નાણાકીય સંગ્રહ અને સારા નાણાકીય વ્યવસ્થાપન દ્વારા દેશના સંસાધનવિહીન પરિવારોને જે રીતે મદદ કરી છે. તેવી જ રીતે, ભારતને વિશ્વની પાંચમી આર્થિક શક્તિ બનાવવા માટે પણ કામ કરવામાં આવ્યું છે. આજનું ભારત વિશ્વના સૌથી મોટા દેશો સાથે પણ આંખ મીચીને વાત કરે છે. એટલું જ નહીં, સરકારે કાશ્મીરમાંથી કલમ ૩૭૦ દૂર કરવા, ટ્રિપલ તલાક પર પ્રતિબંધ મૂકવા, રામ મંદિર બનાવવા અને વકફ બોર્ડ સુધારો અધિનિયમ બનાવવા અને લાગુ કરવામાં પોતાની મજબૂત ઈચ્છાશક્તિ દર્શાવી છે. એવું લાગે છે કે ભારત ટૂંક સમયમાં આંતરિક વિકાસને વેગ આપશે અને રાજદ્વારી ક્ષેત્રમાં પણ દેશને ગૌરવ અપાવશે. આ કાર્યશાળામાં જિલ્લા મહામંત્રી કૃષ્ણા ચોકર, રાજય કન્વીનર મિરાજ સાબરી, લઘુમતી મોરચાના પ્રમુખ રફાકત હસન, ફહીમુદ્દીન સૈફી, ઈરફાન અલી અને જિલ્લાના તમામ વિભાગીય પ્રમુખો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No. 347**

વિષય:- જન્મદિવસ
શીર્ષક:- શુભેચ્છાઓ
પ્રકાર:- ગદ્ય. શબ્દો:- ૨૦૭

દરેક વ્યક્તિને એનાં જન્મદિને ઉત્સુકતા હોય છે કે એને કોણ કોણ શુભકામનાઓ પાઠવે છે. જેમની પાસેથી એણે શુભેચ્છાઓની અપેક્ષા રાખી હોય છે એમની તરફથી કોઈ સંદેશો કે ફોન આવે છે કે નહીં! પરંતુ સમાજનાં તમામ લોકોમાં હું શિક્ષકને સૌથી વધુ ભાગ્યશાળી માનું છું.
આપણાં જન્મદિને આપણાં કુટુંબીજનો, મિત્રો, સખીઓ અને સહ કર્મચારીઓ આપણને શુભકામનાઓ આપે ત્યારે કેવી લાગણી થાય? એકદમ ખુશ થઈ જવાય ને? અને આ ખુશી દેખાડો કરવા માટે નથી હોતી, ખરેખર દિલથી ખુશ થવાય છે.
ગયા વર્ષે આવી જ અનુભૂતિ મને મારા જન્મદિને થાય છે. મારો ગયો જન્મદિવસ તો એકદમ ખાસ બની ગયો હતો. દર વર્ષની જેમ ગયા વર્ષે પણ મારા વ્હાલા વિદ્યાર્થીઓએ ભુલ્યા વગર મને શુભેચ્છાઓ પાઠવી હતી. જેમની એ દિવસે પરીક્ષાઓ ચાલતી હતી, તેઓએ સાંજે શુભેચ્છા પાઠવી તો મોડું થવા બદલ માફી પણ માંગી.
તમને થશે કે એમાં શું નવાઈ છે? પણ એક ગણિત શિક્ષક/શિક્ષિકા માટે બાળકોમાં પ્રિય બનવું સહેલું નથી. આમાં હું અપવાદ છું. મારા વિદ્યાર્થીઓમાં હું પ્રિય છું અને મારી વર્ષગાંઠે ભૂલ્યા વગર મને સંદેશાઓ પાઠવે છે. આમાંના કેટલાંક સંદેશાઓ તો એવા વિદ્યાર્થીઓના હોય છે જેઓને મેં પંદરથી વીસ વર્ષ પહેલાં ભણાવ્યા છે. છતાંય આજે મને યાદ કરે છે.
ઉપરાંત, અન્ય વિદ્યાર્થીઓના તો મેસેજને બદલે ફોન આવ્યાં હતાં. ખરેખર, હું ભગવાનની કૃપાની આભારી છું કે મને આ સન્માન મેળવવાને લાયક બનાવી.

સ્નેહલ જાની, સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 187**

વિષય :જન્મ દિવસ.
શીર્ષક: આશીર્વાદ માતાપિતાના.
પ્રકાર : પદ્ય શબ્દો :૬૮

પ્રભાતના સૂર્યકિરણોની લાલિમા હોય સદા નભમાં.
લાલ છે નામ તમારું લાલિમા રહે સદા જીવન કેરા નભમાં.

પુલકિત થાતું પુષ્પ ખીલીને મહેક પ્રસરાવે ચમનમાં.
ગુણીયલ તવ ગુણો થકી મહેક પ્રસરાવો જીવનકેરા ચમનમાં.

ગજવર જેવી ચાલ ને હો સાવજશી ગર્જના.
વિજય પતાકા લહેરાવો સદા તવ જીવનમાં.

જન્મ સમયે તમારા હર્ષ હતો માતાપિતાની આંખોમાં.
માતાપિતાના આજે આશિષ છે ના આવે પાણી તમ આંખોમાં.

સાધુ સંતોનો સંગ રહે ને રહે આશીર્વાદ સદગુરુના.
હસતાં રહેજો ખીલતા રહેજો તમે સદા તમ જીવનમાં.

રચયિતા : ચારુલતા દોશી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 383**

વિષય : જન્મદિવસ
શીર્ષક : સંભારણું..
પ્રકાર : લેખ (ગદ્ય) શબ્દો : ૧૭૯

"એક વર્ષ એટલે બાર મહિના... બાર મહિના એટલે ૩૬૫ દિવસ... ૩૬૫ દિવસ એટલે ૮,૭૬૦ કલાક, ૫,૨૫,૬૦૦ મિનિટ, અને આખરે – ૩,૧૫,૩૬,૦૦૦ સેકન્ડ!

ગણતરી કરતા કરતા સમજાયું – એક વર્ષમાં લાખો પળો જીવ્યા છે, કરોડો શ્વાસ લઈ ચૂક્યા છે. જેટલા વર્ષો એટલા શ્વાસો.. કુદરતે તેટલીવાર જીવને નવી શરૂઆત કરવાની તક આપી છે.

જન્મદિવસ માત્ર કેક કટ કરવાનો પર્વ નથી. પણ સમય સામે જીતેલો એક વધુ દિવસ છે... શ્વાસ ઉચ્છવાસનું આજીવન ઉજવણું છે – દર પળે, દર ધબકતી લાગણીએ જીવંત હોવાનો અનુભવ કરી મસ્ત જીવવાનું હસતા રહેવાનું અને દરેક શ્વાસે ઈશ્વરનો આભાર વ્યક્ત કરવો.

કારણ કે જન્મદિવસ એ જીવનમાળાના મણકાં છે, દરેક મણકો એ એક અનુભવ... એક સંભારણું... એક શીખ. ઘડીઓ તો ચાલતી રહે છે... પણ એ દરેક ઘડીમાં જીવ્યું શું? એ છે સાચી ઉજવણી.

હસતા હસતા મસ્ત જીવવાનું, દિલથી જીવવાનું — એમાંય સૌથી વધુ... દરેક શ્વાસે ઈશ્વરનો આભાર માનવો, કારણ કે શ્વાસ લેવાનો હક મળવો એટલે અજ્ઞાતે મળતી કૃપા-વર્ષા.

જન્મદિવસ તો માત્ર ઉમર વધવાનો નહીં, પણ આત્મા ઊંડાણ સુધી વહેવાનો દિવસ છે. કારણ કે આખરે... આ જીવન કુદરતની એક ઉત્તમ ભેટ છે. જે દરેક જન્મદિવસે ફરીથી નવું જીવન અર્પે છે. પ્રીતિથી, શાંતિથી અને કૃતજ્ઞતાથી.

દર્શના "મીતિ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 00 51**

વિષય : જન્મ દિવસ
શીર્ષક : વર્ષગાંઠ આવી રે
પ્રકાર : પદ્ય - શબ્દો : ૯૩

મ્હેંકતા ફૂલોની સવારી
મ્હેંકાવે ચારે કોર...!
સજાવે બાગ-બગીચા
રંગબેરંગી પતંગિયા રોજ..!
રૂડાં જન્મ-દિવસની રાહ
હરખની હેલી ખાસ..!
દિકરા આવી તારી
વર્ષની વર્ષગાંઠ રે..!
અમારા આશીર્વાદ સદાય
આનંદનો નહિ પાર...! હેપ્પી બર્થ ડે પાર્થ..!
નામ:ઉર્વશી મહેતા.અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOGSS No.: 0141***

★વિષય: "જન્મદિવસ"★
★શીર્ષક: "હાલ્ય ભેરુ!"★
★પ્રકાર: પદ્ય/અછાંદસ સોનેટ★
★શબ્દો: ૧૨૯★

હાલ્ય ભેરુ, નિશાળ જઈએ, પેલો કેમ નથી દેખાયો?
પૃચ્છા કરીને, સાથે લઈ લેતા, એ ક્યાંયના વહેમાયો!

માર્ગ સીધો, રહેતો જવાનો, જે સરતો, રૈ સહભાગી;
યાદો આજે, ઉભરી જનમ દિવસ પર, ધમાલે ધીંગી!

આંબલીના એ, કઠણ કચૂકા, ચચરાવી દેતા જીભને;
ઠપકો કોઈનો, નો'તો કોઈને, કદી ક્યાંય કોઈ વ્યસને!

પ્રાર્થના ટાણે, અધખૂલી આંખે, રહેતા ધ્યાન ભટકાવી;
બાજુવાળી શું કરે છે? જોતા નિર્દોષ લાગણી છુપાવી!

મોકાની એ, ગમતી બેઠક માટે, શાળામાં ઝગડતા'તા;
થોડી વારમાં, ભૂલી જઈ સઘળું, દોસ્તી કરી લેતા'તા!


શાળા છૂટયે, દોડતા ઘરભણી, લૈ દફતર, પીઠે ભરીને;
છોડી ચિંતા ગૃહકાર્યની, દરરોજ હસતાં તે રહી રહીને!

વારંવાર એ, દિવસો એમજ, ગયા વહી, વહી યુવાની!
છૂટેલી તે, યાદો કાળની, થૈ મૃતક, ગર્ભે થીજી રે'વાની!
★લેખકનું નામ: રસિક વ. પરમાર "રવ"★

# ગાંધી વિદ્યાપીઠની તપોભૂમિ પર ગરિમાપૂર્ણ કાર્યક્રમ સંપન્ન થયો

## ગાંધી વિદ્યાપીઠ સંચાલિત અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સ્નાતક અધ્યાપન મંદિર, બી, એડ્. કોલેજ, વેડછીની તપોભૂમિ પર ઈનામ વિતરણ, દિક્ષાંત સમારોહ અને સાંસ્કૃતિક કાર્યક્રમનો ત્રિવેણી સંગમ રચાયો.







હૈયું – મસ્તક – હાથની કેળવણી દ્વારા ગાંધીયન તત્વચિંતનની પારંપારિક ધરોહરને અકબંધ રાખી, નૂતન પ્રવાહ સાથે સુભગ સમન્વય સાધીને બી.એડ્.નાં પ્રશીક્ષણાર્થીઓને શિક્ષકત્વથી સભર કરતી સ્નાતક અધ્યાપન મંદિર, બી, એડ્. કોલેજ, વેડછીની તપોભૂમિ પર ઈનામ વિતરણ, દિક્ષાંત સમારોહ અને સાંસ્કૃતિક કાર્યક્રમ એમ ત્રીવેણી સંગમ રચાયો. આ તકે કાર્યક્રમનાં અધ્યક્ષ તરીકે ડૉ. રાયસિંગભાઈ ચૌધરી, અતિથિ વિશેષ તરીકે ડૉ. દિલીપભાઈ ચૌધરી તથા શ્રી મોહનભાઈ મઢીકર પધાર્યા હતા. ગાંધી વિદ્યાપીઠનાં પ્રમુખ શ્રી અર્મસિંહભાઈ ચૌધરીની પ્રેરક ઉપસ્થિિ રહી. સાથે જ તાલીમાર્થીઓનાં માતા-પિતા તથા પરિવારનાં સભ્યોની પણ ખાસ ઉપસ્થિતિ હતી.

સંસ્થાનાં આચાર્યશ્રી ડૉ. અંજનાબેન ચૌધરીનાં માર્ગદર્શન હેઠળ સંસ્થાનાં સાંસ્કૃતિક મંત્રી ડૉ. ભાવનાબેન મહેતાએ પ્રતિબદ્ધતા પૂર્વક સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. મહેમાનોનાં વરદ હસ્તે દીપ પ્રાગટ્ય તથા ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. કોલેજનાં આચાર્યાશ્રી, ડૉ. અંજનાબેન ચૌધરીએ મહેમાનોને તથા વાલીગણને આવકાર્યા હતા. સંસ્થાનાં પ્રમુખશ્રી, અમરસિંહભાઈ ચૌધરીએ તમામ તાલિમાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતા. એફ.વાય. તથા એસ.વાય.નાં તાલિમાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો. કોલેજનાં સિનિયર અધ્યાપક પ્રો. મહેશભાઈ વાડિલેએ કોલેજનાં ઈતિહાસ અને તેમાં થતી વિવિધ પ્રવૃત્તિઓથી સૌને પરિચય કરાવ્યો હતો. જાણીતા સાહિત્યકાર શ્રી મોહનભાઈ મઢીકરે ગાંધીયન ફિલોસોફી જીવનને ઉત્કૃષ્ટતા પ્રદાન કરે છે એ બાબતને પોતાની આગવી છટાથી, સાહિત્યિક રીતે રજુ કરી તથા આશીર્વાદ આપ્યાં. સરકારી બી.એડ્. કોલેજ, વાંસદાનાં આચાર્ય ડૉ. દિલીપભાઈ ગામીતે તાલિમાર્થીઓને જીવનભર ઉપયોગી બને એવી વિચાર પ્રક્રિયા, જીવન મૂલ્યો, પુરુષાર્થ, પરોપકાર અને ઉચ્ચ ધ્યેય જેવી અનેક બાબતોને વિશિષ્ટ રીતે રજુ કરી અને સર્વનાં કલ્યાણ માટેની કામના સાથે આશીર્વાદ આપ્યાં. જાણીતા શિક્ષણશાસ્ત્રી અને કાર્યક્રમનાં અધ્યક્ષ ડૉ.રાયસીંગભાઈ ચૌધરીએ શિક્ષણશાસ્ત્રનાં વિવિધ સિદ્ધાંતો, શિક્ષણશાસ્ત્રીઓનાં પ્રયોગો અને તૈતરીય ઉપનિષદનાં સુક્તોનો ઉલ્લેખ પોતાની વિશિષ્ટ શૈલીમાં કરીને તાલિમાર્થીઓને જ્ઞાનનું ભાથું બાંધી આપ્યું. તેઓએ નઈ તાલિમ વિશે વાત કરતાં સ્પષ્ટ કર્યું કે, રાષ્ટ્રીય શિક્ષણ નિતિ-૨૦૨૦ એ નઈ તાલીમનું જ પરિવર્તિત સ્વરુપ છે. કાર્યક્રમનાં અંતે એફ.વાય. બી.એડ્.નાં તાલિમાર્થીઓએ વિદાય લેતાં એસ.વાય. બી.એડ્.નાં તાલિમાર્થીઓને સ્મૃતિભેંટ આપીને સમગ્ર વાતાવરણ ભાવવાહી કરી દીધું. વિદાય લેતાં એસ.વાય. બી.એડ્.નાં તાલિમાર્થીઓએ કોલેજને તથા અધ્યાપકોને પણ કૃતાર્થભાવે સ્મૃતિભેંટ આપી. કાર્યક્રમનાં અંતે તાલિમાર્થી તૃષા ટંડેલે આભારદર્શન કર્યું. વિદ્યાર્થીઓએ અશ્રુભીની આંખે પોતાનાં વાલી સાથે વિદાય લીધી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ડૉ. ક્રિષ્ના કટારા, શ્વેતાબેન ચૌધરી સાથે તમામ સ્ટાફે જહેમત ઉઠાવી હતી. આમ, સમગ્ર કાર્યક્રમ ગરિમાપૂર્ણ સંપન્ન થયો.

# પાળીયાદ મહાજન પાંજરાપોળમાં રૂ.૧૦૦૦૦૦ એક લાખ નું દાન

આજરોજ પાળિયાદ મહાજન પાંજરાપોળ અને ગૌશાળા ટ્રસ્ટને ? ૧,૦૦૦૦૦ એક લાખ નું અનુદાન પાળિયાદ મહાજન પાંજરાપોળ અને ગૌશાળા ટ્રસ્ટ નાં અબોલ પશુઓ ને વઢવાણ નિવાસી હાલ મુંબઈ તા.૨૦/૪/૨૦૨૫ સ્વ. કુસુમબેન અમૃતલાલ શાહ (પાળીયાદ નિવાસી નંદલાલ દેવચંદ ના સુપુત્રી) તરફથી રૂ.૧.૦૦૦૦૦ (એક લાખ પુરા) હ. રૂપલબેન અતુલ મણીલાલ શાહ મહેતલીયા (પાળીયાદ વાળા) પાળીયાદ મહાજન પાંજરાપોળ અબોલ પશુઓને ઘાસચારામાં દાન મળેલ છે તથા પાંજરાપોળ કર્મચારી ૩૦ સ્ટાફને રૂ. ૫૦ ની પ્રભાવના (૧૫૦૦)સંસ્થા હૃદય પૂર્વક આભાર અભિનંદન ધન્યવાદ પાઠવે છે ખુબ ખુબ આભાર વ્યક્ત કરી જીવદયા નાં સુકૃત કાર્યની ખૂબ ખૂબ અનુમોદના વ્યક્ત કરે છે.એમ કનુભાઈ ખાચર ની યાદી જણાવે છે



# શહેરમાં મુખ્ય જંકશન આસપાસ નો-પાર્કિંગ ઝોન વિસ્તારનું અંતર ઘટાડયું




વડોદરા શહેરના તમામ સર્કલ, ચાર રસ્તા તથા ટ્રાફીક જંકશન આસપાસના ૧૦૦મીટરના અંતર સુધી લારી-ગલ્લા, પથારા તેમજ તમામ પ્રકારના વાહનો માટે નો-પાર્કિંગ મામલે ૧૦૦ મીટરમાં જ બીજુ જંક્શન હોય 'નો-પાર્કિંગ' ઝોનનું અમલીકરણ અઘરૂ બનતું હોય જેથી ૧૦૦ મીટરના સ્થાને ૩૦ મીટર રાખી નવું જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે.

અગાઉ શહેર હદ વિસ્તારના તમામ સર્કલ, ત્રણ રસ્તા, ચાર રસ્તા અને ટ્રાફિક જંક્શનની આસપાસ ૧૦૦મીટરના અંતર સુધી તમામ પ્રકારના લારી-ગલ્લા, પથારા તેમજ તમામ પ્રકારના વાહનો માટે નો-પાર્કિંગ વિસ્તાર જાહેર કરવામાં આવેલ હતો. વડોદરા શહેરમાં વાહનોની સંખ્યામાં સતત વધારો થતો રહે છે. ટ્રાફિક જંક્શનની આસપાસ વાહનો પાર્ક થાય તો તે ચોક્કસ અડચણરૂપ બને છે. પરંતુ, શહેર વિસ્તારમાં ઘણી જગ્યાએ ૧૦૦ મીટરના અંતરમાં જ બીજુ જંક્શન હોય ત્યારે 'નો-પાર્કિંગ' ઝોન વિસ્તારનું અમલીકરણ અઘરૂ બની રહે છે. જેથી, જાહેરનામામાં સુચવેલ ૧૦૦ મીટરના બદલે નો-પાર્કિંગ ઝોનના અંતરમાં ઘટાડો કરવા આંશિક સુધારા સાથેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર દ્વારા શહેરમાં આમ જનતાને રોડ ઉપર અવર-જવર કરતાં સમયે કોઈ અગવડતા ન પડે, ટ્રાફિક કોઈપણ અવરોધ વગર નિરંતર ચાલ્યા કરે, જંકશન પર આવેલ સિગ્નલોના કારણે વાહન ચાલકોએ વાહનોને થોભાવવામાં કોઈ તકલીફ ન પડે, ટ્રાફિક સુચારૂરૂપે ચાલે અને જંકશન પર નાના-મોટા અકસ્મતો ન સર્જાય તે હેતુસર શહેર હદ વિસ્તારના તમામ સર્કલ, ત્રણ રસ્તા,યાર રસ્તા, ટ્રાફિક જંકશનની આજુ બાજુ ૩૦ મીટરના અંતર સુધી તમામ પ્રકારના લારી, ગલ્લા, પથારા તથા તમામ પ્રકારના વાહનો માટે નો-પાર્કિંગ ઝોન વિસ્તાર તરીકે જાહેર કરાયો છે.

# પાટણના સિદ્ધિ સરોવરમાં યુવકે આપઘાત કર્યાની આશંકા

પાટણ શહેરનું સિદ્ધિ સરોવર આજકાલ આપઘાતનું કેન્દ્ર બની રહ્યું છે. રવિવારે વધુ એક યુવકે અહી કથિત રીતે આપઘાત કર્યો હોવાની આશંકા સેવાઈ રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ધાધલના છાપરા વિસ્તારના રહેવાસી રાહુલ પરબતભાઈ ઠાકોર સાંજે ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયા હતા. સ્થાનિક યુવાનોએ શોધખોળ કરતા તેમનું બાઈક સિદ્ધિ સરોવર પાસે મળી આવ્યું હતું.પાલિકાના ફાયર વિભાગને જાણ થતાં તેમની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર વિભાગના કર્મચારીઓએ બોટ દ્વારા સરોવરમાં શોધખોળ શરૂ કરી છે. યુવકના પરિવારજનો અને વિસ્તારના લોકો પણ સિદ્ધિ સરોવર ખાતે એકત્રિત થયા છે.



પહેલાદભાઈ રાવળે જણાવ્યા મુજબ, રાહુલ ઠાકોરના બાઈકની સરોવર પાસે મળી આવવાને કારણે તેમણે સરોવરમાં કૂદી પડ્યા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી સિદ્ધિ સરોવર આપઘાતનું હૉટસ્પૉટ બની ગયું છે, જ્યાં અવારનવાર લોકો જીવન ટૂંકાવવાનો પ્રયાસ કરતા હોવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે.

# જામનગરમાં તા. ૨૧ એપ્રિલના રોજ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીનો ૨૯ મો પદવીદાન સમારોહ યોજાશે

વિશ્વની સૌપ્રથમ અને ગુજરાત સરકારની એકમાત્ર ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા આગામી તા. ૨૧ એપ્રિલના રોજ ૨૯ મો પદવીદાન સમારોહ યોજાશે. આ સમારોહના અધ્યક્ષ સ્થાને રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તથા પદવીદાન સમારોહના મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ ઉપરાંત જામનગરના સાંસદ સભ્ય પુનમબેન માડમ, જામનગરના કલેકટર, આયુષ ડાયરેકટર તથા આઇ.ટી.આર.એ.ના નિયામક પ્રો. તનુજા નેસરી સહીત અનેક મહાનુભાવો આ પ્રસંગમાં પોતાની ઉપસ્થિતી આપશે.રાજમાતા શ્રી ગુલાબકુંવરબા ઓડીટોરીયમમાં યોજાનાર આ પદવીદાન સમારોહમાં કુલ ૧૮૪૧ વિદ્યાર્થીઓને ઉપાધી એનાયત કરવામાં આવશે. ઉપરાંત ૨ (બે) વિશિષ્ટ સેવા પ્રદાન કરનાર મહાનુભાવોને ડી. લીટની પદવી એનાયત થશે. વિદ્યાર્થીઓમાં ડીપ્લોમા, પી. જી. ડીપ્લોમાં, બેચરલ ડીગ્રી, માસ્ટર ડીગ્રી, એમ.ડી., એમ.એસ. અને પી.એચડી.ના મળી કુલ-૧૮૪૧ વિદ્યાર્થીઓ હશે. વધુમાં બે વિશેષ વ્યકિતત્વને ડોક્ટરેટ ઓફ લીટરેટર આયુર્વેદની ઉપાધિથી નવાજાશે.

# જામજોધપુરના કડબાલ-ભુપત આંબરડી અને જામ આંબરડીના ખેડૂતોને 'નલ સે જલ યોજના'માં વળતર ચુકવવામાં છેતરપીંડી થતાં ધારાસભ્ય આક્રમક મુડમાં

જામજોધપુર તાલુકાના વિવિધ ગામો જેવા કે કડબાલ,ભૂપત આંબરડી,જામ આંબરડી ગામે નલ સે જલ યોજના અંતર્ગત ખેડૂતોના ખેતરના ઉભા પાક માથી પાઈપલાઈન નાખવામાં આવી છે. આ પાઈપ લાઈન નાખતા પહેલા વળતરના ભાવ માટે પાણી પુરવઠા અધિકારીઓ દ્વારા ખેડૂતો સાથે વાતચીત કરી ભાવ નક્કી કરવામાં આવ્યા હતા, પરંતુ ત્યારબાદ કોન્ટ્રાકટર અને અધિકારીઓની મેલી મુરાદના



કારણે કામ મોડુ ચાલુ કરી નક્કી કરેલ રકમના ૫૦ ટકા થી પણ ઓછી રકમ ખેડૂતોને ચૂકવવામાં આવી છે. ખેડૂતો ના ખેતરમાં જે પાઈપલાઈન નાખવામાં આવેલ છે તેના વળતર ચુકવવા માટે કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવેલ વળતર ની ગણતરી પણ ભુલ ભરેલ છે. આમ અધિકારીઓ અને કોન્ટ્રાકટર દ્વારા ખેડૂતો સાથે છેતરપિંડી કરવામાં આવી છે. આમ ખેડૂતો સાથે વિશ્વાસઘાત થયેલ હોય તેવું પ્રતીત થાય છે. આથી ખેડૂતોને પોતાના પાક નુકસાનીનું યોગ્ય વળતર મળી રહે તે માટે આ અંગે યોગ્ય તપાસ કરી કોન્ટ્રાકટર વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી કરી ખેડૂતોને પુરતુ વળતર ચુકવવામાં આવે અન્યથા આ બાબતે ધારાસભ્ય હેમંતભાઈ ખવા દવારા ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવામાં આવશે.

# મોબાઈલની ટોર્ચના આધારે રાત્રે મહિલા પર દુષ્કર્મ ગુજાર્યું

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના એક ગામમાં ઘરમાં ઊંઘતી મહિલા પર દુષ્કર્મ ગુજારી શખ્સ ફરાર થઈ ગયો હતો.સાવલી તાલુકાના આ ગામમાં તા.૧૮ એપ્રિલના રોજ પોતાના ઘરમાં રાત્રે ઊંઘતી હતી ત્યારે સાવલીમાં રહેતો પ્રેમ રાજેન્દ્ર ભાલીયા



અંધારામાં ઘરમાં પ્રવેશ્યો હતો અને મહિલાનો હાથ પકડી લીધો હતો. પ્રેમના હાથમાં મોબાઈલ હતો, અને ટોર્ચ લાઈટ ચાલુ હતી. મહિલા જાગી જતા પ્રેમે મહિલાને બળજબરીપૂર્વક જમીન ઉપર પાડી દઈ બુમો ના પાડી શકે તે માટે તેણે મહિલાનું મોઢું દબાવી દીધું હતું. દુષ્કર્મ આચર્યા બાદ પ્રેમ રાજેન્દ્રભાઈ ભાલીયા નાસી છુટ્યો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મેદસ્વિતા મુક્ત ગાંધીનગર અભિયાન શરૂ:સ્વર્ણિમ પાર્કમાં ૧-૩૧ મે દરમિયાન યોગ શિબિર, ૧૨૬ નિઃશુલ્ક યોગ કેન્દ્રો કાર્યરત





ગાંધીનગરમાં મેદસ્વિતા દૂર કરવા માટે વિશેષ અભિયાનની શરૂઆત થઈ રહી છે. આગામી પહેલી મેથી ૩૧ મે સુધી સ્વર્ણિમ પાર્ક ખાતે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનમાં મોટી સંખ્યામાં નગરજનો રજિસ્ટ્રેશન કરાવી રહ્યા છે.ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ગાંધીનગર જિલ્લા કો-ઓર્ડિનેટર ભાવનાબેન જોષી છેલ્લા છ વર્ષથી લોકોને યોગ સાથે જોડવાનું કાર્ય કરી રહ્યા છે. તેમના જણાવ્યા અનુસાર, હાલમાં જિલ્લામાં ૧૨૬થી વધુ નિઃશુલ્ક યોગ કેન્દ્રો કાર્યરત છે. યોગના નિયમિત અભ્યાસથી હૃદય મજબૂત બને છે. તણાવમાંથી મુક્તિ મળે છે. યાદશક્તિ વધે છે અને બ્લડ પ્રેશરની સમસ્યા નિયંત્રણમાં રહે છે. વજન નિયંત્રણમાં મદદ મળે છે અને મગજમાં સકારાત્મક ઊર્જાનો સંચાર થાય છે.બાળકોમાં વધતી સ્થૂળતાને ધ્યાનમાં રાખીને રાજ્ય યોગ બોર્ડે જિલ્લામાં સાત સમર કેમ્પનું આયોજન કર્યું છે. દરેક કેમ્પમાં ૧૦૦ બાળકો ભાગ લેશે. આ રીતે યોગના માધ્યમથી ગાંધીનગરને મેદસ્વિતામુક્ત બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# મહેસાણા બસપોર્ટમાં મહિલાનો હંગામો:એક્સ્ટ્રા બસમાં પાસ ન ચાલતા કંડક્ટરનું ટિકિટ મશીન તોડ્યું

મહેસાણા હાઈવે પર મોઢેરા સર્કલ પાસેના બસપોર્ટમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. થરાદથી અમદાવાદ રૂટની એક્સ્ટ્રા બસમાં પાસ ન સ્વીકારાતા એક મહિલા મુસાફરે કંડક્ટરનું ટિકિટ મશીન તોડી નાખ્યું છે.ગત ૧૨ એપ્રિલે બપોરના સમયે થરાદથી અમદાવાદ જતી એક્સ્ટ્રા બસ મહેસાણા બસપોર્ટના પ્લેટફોર્મ નંબર ૧ પર ઊભી હતી. કંડક્ટર અંબાભાઈ ચૌધરી અને ડ્રાઈવર રાયમલભાઈ જોષીની બસ મુસાફરોથી ખીચોખીચ ભરેલી હતી. એક મહિલા મુસાફરે પાસ બતાવીને બસમાં બેસવાનો આગ્રહ કર્યો હતો. કંડક્ટરે એક્સ્ટ્રા બસમાં પાસ ન ચાલવાનું જણાવ્યું.આ વાત પર મહિલા ઉશ્કેરાઈ ગઈ હતી અને કંડક્ટર જ્યારે બસની નોંધણી માટે કંટ્રોલ પોઈન્ટ તરફ જઈ રહ્યા હતા, ત્યારે મહિલાએ તેમની સાથે બોલાચાલી કરી. ગુસ્સામાં આવીને મહિલાએ રૂ. ૧૨ હજારની કિંમતનું ટિકિટ મશીન જમીન પર પછાડીને તોડી નાખ્યું હતું.

# રાજ્યમાં કાળઝાળ ગરમીમાં અંબાજીમાં યાત્રાળુ માટે ઍર કુલરની ખાસ વ્યવસ્થા



ગુજરાતભરમાં કાળઝાળ ગરમી પડી રહી છે. હવામાન વિભાગ દ્વારા હીટવેવને લઈને ઍલર્ટ જાહેર કરવામાં આવી છે. અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા શ્રદ્ધાળુને ધ્યાનમાં રાખીને ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં યાત્રાળુઓને ગરમીથી રાહત આપવા માટે ઍર કુલર અને પીવાના પાણી સહિતની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

રાજયના સુપ્રસિદ્ધ અંબાજી મંદિર ખાતે દર્શન કરવા માટે હજારો સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતી હોય છે. આ દરમિયાન રાજયમાં ગરમીનો પારો હાઈ જઈ રહ્યો છે, ત્યારે અંબાજી મંદિર ખાતે રાજયના અલગ-અલગ વિસ્તારમાંથી આવતી યાત્રાળુઓ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં દર્શનાર્થીઓને કાળઝાળ ગરમીમાં રાહત મળે તે માટે મંદિર ખાતે ઠેરઠેર ઍર કુલર, પીવાના પાણી અને નિઃશુલ્ક ઠંડી છાસનું વિતરણ કરવાનું શરૂ કર્યું છે.

અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા શરૂ કરવામાં આવેલી સેવાનો દર્શનાર્થીઓ મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે. આ મામલે અધી કલેક્ટરે જણાવ્યું હતું કે, 'અંબાજી મંદિરના દર્શન કરવા માટે આવતા ભાવિભક્તોને ગરમીમાં છાયડો અને રાહત મળે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

# ગાંધીનગરમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર:તાપમાનમાં ૧ ડિગ્રીનો ઘટાડો




વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે ગાંધીનગરના વાતાવરણમાં નોંધપાત્ર પલટો આવ્યો છે. શનિવારે શહેરનું મહત્તમ તાપમાન ૪૦.૫ ડિગ્રી નોંધાયુ હતું. આ શુક્રવારના ૪૧.૬ ડિગ્રી કરતાં એક ડિગ્રી ઓછું હતું.ગઈકાલે શહેરમાં ૩૦થી ૪૦ કિલોમીટરની ઝડપે ધૂળની ડમરી સાથે પવન ફૂંકાયો હતો. આ અસર ખાસ કરીને બપોરના સમયે ખુલ્લી જગ્યાઓમાં વધુ જોવા મળી હતી. જોકે, ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન અને ગરમ પવનોને કારણે લોકોને ગરમીમાંથી ખાસ રાહત મળી નથી.આજે રવિવારે સવારે શહેરનું તાપમાન ૩૦ ડિગ્રી નોંધાયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૯થી ૪૧ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૩થી ૨૪ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવના છે. પશ્ચિમ-ઉત્તર પશ્ચિમ દિશામાંથી પવન ફૂંકાવાની શક્યતા છે. આ પવનને કારણે લોકોને થોડી રાહત મળી શકે છે. હવામાન વિભાગે ૨૧ એપ્રિલે રાજ્યમાં શુષ્ક વાતાવરણ રહેવાની આગાહી કરી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.